દાખલ તારીખ : ૧૩.૦૩.૨૦૨૬
નોંધ્યા તારીખ : ૧૩.૦૩.૨૦૨૬
નિર્ણય તારીખ : ૧૭.૦૩.૨૦૨૬
મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૪

==================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

==================================================

**ફો. પ. અ. નં.૧૨૦/૨૦૨૬**

**રાજેશકુમાર ઉર્ફે રાજૂ ગોવિંદભાઈ ચાંદેગરા**
ઉંમર–૫૧, ધંધો–મજૂરી
રહે–હરસિદ્ધિ સોસાયટી વેરાવળ તા. વેરાવળ,
જી–ગીર સોમનાથ
હાલ જીલ્લા જેલ,જુનાગઢ. **...... અરજદાર**

**વિરૂધ્ધ**

**૧. શ્રી સરકાર**

**૨. મુળ ફરીયાદી ...... સામાવાળાઓ**

---

અરજદાર તરફે વિ. એલ.એ.ડી.સી. સુશ્રી ડી.એમ.વ્યાસ
શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા

---

**:: બી. એન. એસ. એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી ::**

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના અરજદાર/આરોપી વેરાવળ સીટી પો. સ્ટે. ગુ. રજી. ફર્સ્ટ ૧૧૧૮૬૦૦૯૨૫૦૫૧૨/૨૦૨૫,બી.એન. એસ.ની. કલમ ૨૯૫,૭૫(૧)(I), તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૭, ૮ મુજબના ગુના સબબ જયુડીશયલ કસ્ટડીમાં હોય, તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી બી. એન. એસ. એસ. ની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ. પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે. આંક–૫ થી ત. ક. અમલદારશ્રીનું સોગંદનામું રજૂ કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.એલ.એ.ડી.સી. સુશ્રી ડી.એમ.વ્યાસની દલીલ છે કે, આ કામના આરોપી ઘણા સમયથી જેલમાં છે. ડોકટરશ્રીને અનેક વખત સંમસ કરવા છતાં હાજર રહેતા નથી, જેથી કાર્યવાહી લંબાય છે. અમારા વિરૂધ્ધ કોઇ ગુનો સાબીત થઇ શકે તેવો નથી અને અમોને ખોટી રીતે સંડોવી દિધેલ છે. સ્થાનીક રહેવાસી છે અને કયાંય નાસી ભાગી જાય તેવા નથી. નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનુ પાલન કરવા તૈયાર છે. જેથી જામીન ઉપર મુકત કરવા વિનંતી છે.

(૪) જયારે સામાપક્ષે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, ફરિયાદપક્ષે મોટાભાગનો પુરાવો પુરો થઇ ગયેલ છે. જે સાહેદોને તપાસવાના બાકી છે તેને આવતી તારીખે હાજર રખાવશુ અને સત્વરે અમારો પુરાવો પુરો કરશુ અને આરોપીને જો છોડવામાં આવે તો નાસી ભાગી જાય તેમ છે જેથી જામીન અરજી નામંજુર કરવા વિનંતી છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, ચાર્જશીટ સાથે સામેલ કાગળો, નિવેદનો, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ વગેરે ધ્યાને લેતા ફરિયાદીની દિકરી ઉંમર ૬ વર્ષ અને ૧૧ માસની સાથે ભાડે મકાન રાખીને રહે છે અને પી.જી.ચલાવે છે. તેઓ પોતાના માતા-પિતાના ઘરે વેરાવળ મુકામે તા.૦૭.૦૫.૨૦૨૫ ના રોજ આવેલ અને ત્યાંથી અમદાવાદ ખાતે પરત થયેલ. ત્યારે તા.૨૧.૦૫.૨૦૨૫ ના રોજ તેની દિકરીએ વાત કરેલ કે આપણે મામાના ઘરે ગયેલા ત્યારે બાજુમાં રહેતા અંકલ મને દુકાને લઇ ગયેલા. ત્યારબાદ રાજુ અંકલે મને મોબાઇલમાથી ગંદો વિડીયો બતાવેલ અને મને બેડટચ કરેલુ તેવુ જણાવતા હું ગભરાઇ ગયેલ મે મારા પિયરમાં મારા માતા-પિતાને ફોન કરી આ બાબતે જાણ કરેલ અને મારી દિકરીની સોલા સીવીલ હોસ્પીટલમાં સારવાર કરાવેલ. આમ, ફરિયાદીના કથન મુજબ આરોપી આલુસેવ દેવાના બહાને તેની દિકરીને દુકાને લઇ ગયેલા. વિડીયો બતાવેલ અને બેડટચ કરેલ. તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામુ ધ્યાને લેતા ભોગબનનારના કથન સીવાય અન્ય કોઇ પુરાવો મળી આવેલો નથી. અશ્લીલ વિડીયો બતાવેલો તે વેરાવળમાં બતાવેલો અને અમદાવાદ ગયા પછી તેની માતાને વાત કરેલી તેવુ ફરિયાદપક્ષનુ કથન છે. ફરિયાદીના કથન મુજબ સીવીલ હોસ્પીટલ સોલામાં સારવાર લેવામાં આવેલી અને જે હિસ્ટ્રી આપેલ તે મુજબ ગુપ્ત ભાગે હાથે ફેરવેલ

અને ભોગબનનારને પેટના નીચેના ભાગે દુ:ખાવો થતો હતો પેશાબ કરતી વખતે દુ:ખાવો થતો હતો અને તે અંગે સોલા સીવીલ હોસ્પીટલમાં સારવાર લીધેલી જે હકીકતની હિસ્ટ્રી સોલા સીવીલ હોસ્પીટલમાં પણ ડોકટરશ્રીને આપવામાં આવેલી છે. તમામ હકીકત ધ્યાને લેતા, આરોપીએ છ વર્ષની સગીર બાળાની જાતિય સતામણી કરેલ હોય તેવુ જણાય આવતુ હોય ગુપ્ત ભાગે સખત રીતે સ્પર્શ કરેલ હોય તેમ જણાય છે. તેમજ ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થવામાં છે અને વિ.પબ્લીક પ્રોસીકયુટરશ્રી ખાતરી આપે છે કે, સાહેદોને સમંસ બજાવી હાજર રાખશે. આમ, કાર્યવાહી પુર્ણ થવાના આરે હોય ફરિયાદપક્ષ તરફે સત્વરે કેસ પુર્ણ કરવા ખાતરી આપતા હોય અરજી મંજુર કરવા યોગ્ય જણાતુ ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) અરજદાર/આરોપીની બી. એન. એસ. એસ.ની કલમ-**૪૮૩** અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની અરજી "**નામંજૂર**" કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ અરજદાર/આરોપીને ઈમેઈલ દ્વારા જેલ ઓથોરીટી મારફત કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૩/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીજ્ઞેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬